અપીલ અરજી નં.૩૬૮ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સાંઈકૃપા ઈન્ડ. સોસા.. આંજણા ફાર્મ સુરતના પ્લોટ નં.૧૦,૧૧,૧૨ અને ૧૪ પર હાલમાં ધમધમતો મીનરલ વોટર પ્લાન્ટને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય તથા ફુડ અંગેના લાયસન્સની નકલો તથા ગુમાસ્તાધારાના લાયસન્સની નકલો આપશો. મુદ્દા નં.(૨) ઉપરોકત સ્થળે આરોગ્ય ફુડ તથા ગુમાસ્તાધારાના લાયસન્સ લેવા માટે મિલ્કતધારક તરફથી જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજૂ કરવામાં આવ્યા હોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૮/૨૦૧૦–૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સાંઈકૃપા ઈન્ડ. સોસા.. આંજણા ફાર્મ સુરતના પ્લોટ નં.૧૦,૧૧,૧૨ અને ૧૪ પર હાલમાં ધમધમતો મીનરલ વોટર પ્લાન્ટને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય તથા ફુડ અંગેના લાયસન્સની નકલો તથા ગુમાસ્તાધારાના લાયસન્સની નકલો આપશો. મુદ્દા નં.(૨) ઉપરોકત સ્થળે આરોગ્ય ફુડ તથા ગુમાસ્તાધારાના લાયસન્સ લેવા માટે મિલ્કતધારક તરફથી જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજૂ કરવામાં આવ્યા હોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૩, ૪ અને ૫ ની માહિતી આપવામાં આવેલ ન હોઈ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોનની માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દાઓ અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮૨ તા.૮–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. જાવક/ પીએચડી/ફુડ/૧૦૭૬ તા.૧૭–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે જાવક નં.પીએચડી/ફુડ/૧૦૭૨ તા.૧૭–૩–૧૧ ના પત્રની નકલ મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૩૯૬ તા.૨૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા લીંબાયતઝોન તરફથી સાઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૩૯૨૪ તા.૧૧–૨–૧૧ થી મુદ્દા નં.૧,૨ અને ૩ ની આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/ ૪૦૮૦ તા.૨૪–૨–૧૧ ના પત્રની નકલ, તા.૨૪–૨–૧૧ ના રોજ નકલ નંગ–૧૭ સ્વીકાર્યા અંગેના પહોંચની નકલ, અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૬૨ તા.૧૦–૩–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી સાંઈકૃપા ઈન્ડ. સોસા.. આંજણા ફાર્મ સુરત ખાતે ધમધમતો મીનરલ વોટર પ્લાન્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૧,૨ અને ૩ અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી ફુડને સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૩૯૨૪ તા.૧૧–૨–૧૧ થી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૦૮૦ તા.૨૪–૨–૧૧ થી અરજદારને અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩,૪ અને ૫ નીમાહિતી આપવામાં આવી નથી અધૂરી માહિતી હોવાથી તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર ન.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૬૨ તા.૧૦–૩–૧૧ થી પાના નંગ–૧૯ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પત્ર નં.જાવક નં.પીએચડી/ફુડ/૧૦૭૨ તા.૧૭–૩–૧૧ થી મુદ્દા નં.૧,૨,૩ અને ૫ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧)સાંઈકૃપા ઈન્ડ. સોસા.. આંજણા ફાર્મ સુરતના પ્લોટ નં.૧૦,૧૧,૧૨ અને ૧૪ પર હાલમાં ધમધમતો મીનરલ વોટર પ્લાન્ટ આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય તથા ફુડ અંગેના લાયસન્સની નકલો તથા ગુમાસ્તાધારાના લાયસન્સની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ગુમાસ્તાધારા વિભાગના દફતરી રેકર્ડ મુજબ હાલમાં પ્લોટ નં.૧૦ અને ૧૧ માં ઓમ એન્ટર પ્રાઈઝ નામની સંસ્થા ચાલે છે. જયારે પ્લોટ નં.૧૨ અને ૧૪ માં મીનરલ વોટરને લગતી કોઈ સંસ્થા દફતરી રેકર્ડ ઉપર નોંધાયેલ નથી. ઓમ એન્ટર પ્રાઈઝ સંસ્થાના ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ તથા નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે સંસ્થાના

માલિકે નમુના અરજી 'એ' ફોર્મ સાથે રજૂ કરેલ પુરાવા સહિતની પાના નં.૧ થી ૧૭ ની માહિતી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે જે અરજદારે તા.૨૫–૨–૧૧ ના રોજ સ્વીકાર્યા અંગેની પહોંચ પણ રજૂ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પ્લોટ નં.૧૧ સાંઈકૃપા સોસા. ઈન્ડ. એસ્ટેટ આંજણા ફાર્મ સુરત ખાતે આવેલ " ઓમ એન્ટર પ્રાઈઝ"નામની સંસ્થાને ફુડ વિભાગ તરફથી પીએફએ એકટ હેઠળનું લાયસન્સ નં.પીએફએ/એસઈઝેડ/૦૨/૯૪ તા.૧૮–૧૧–૦૯ ના રોજ આપવામાં આવેલ છે. લાયસન્સ જે અરજદાર પાસે આપી હોય તેની નકલ આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે આરોગ્ય વિભાગના દફતરી રેકર્ડ મુજબ બીપીએમસી એકટનુ લાયસન્સ અંગે અરજીમાં જણાવેલ અરજદારે રજૂ કરેલ પુરાવા તેમજ લાયસન્સની નકલ સહિત પાના નં.૧ થી ૧૯ ની નકલ અરજદારને પૂરક વિગતોમાં સા.ઈ.ઝોન/મહેકમ/ ૪૧૬૨ તા.૧૦–૩–૧૧ થી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) ઉપરોકત સ્થળે આરોગ્ય ફુડ તથા ગુમાસ્તાધારાના લાયસન્સ લેવા માટે મિલ્કતધારક તરફથી જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજૂ કરવામાં આવ્યા હોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં સાઈ.ઝોન/મહેકમ/૪૧૬૨ તા.૧૦–૩–૧૧ થી અરજદારે રજૂ કરેલ પુરાવા તેમજ લાયસન્સની નકલ પાના નં.૧ થી ૧૯ પૂરાવાની નકલ વિના મૂલ્યે પૂરી પાડેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પીએફએ એકટ હેઠળનું લાયસન્સ (૧) વેરાબીલ ઝેરોક્ષ (૨) ભાડા કરારની ઝેરોક્ષ (૩) બીઆઈએસના સર્ટીફીકેટની ઝેરોક્ષ (૪) બ્લોક નકશોને આધારે આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે.(૩) ઉપરોકત ચાર પ્લોટ પર ધમધમતા મીનરલ વોટરના પ્લોટનું નિરીક્ષણ અત્યાર સુધીમાં આપના વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા કરવામાં આવ્યા તે અધિકારી/કર્મચારીના નામ, હોદ્દો તથા જે જે તારીખે નિરીક્ષણ કર્યુ હોય તે તારીખ સહિતની વિગત આપશો. તથા નિરીક્ષણ કર્યા બાદ આપના વિભાગના અધિકારી/કર્મચારીએ જે જે નોંધ કરી હોય તે નોંધવાળા પત્ર અથવા તો તૈયાર કરેલ રીપોર્ટની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર ન.સાઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૦૮૦ તા.૨૪–૨–૧૧ થી સદર સંસ્થાની ઝોન કચેરીએથી ગુમાસ્તા વિભાગ ધ્વારા કોઈ તપાસ કરવામાં આવેલ નથી તેથી નિરીક્ષણ/નોંધ આપવા જોગ નથી. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પીએચડી/ફુડ/૧૦૭૨ તા.૧૭–૩–૧૧ થી તા.૧૨–૧૧–૦૯ ના રોજ સ્થળ તપાસ ફુડ ખાતાના ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી. કે. પટેલે કરેલ તેવી માહિતી આપેલ છે. પરંતુ મુલાકાત નોંધ કે રીપોર્ટની નકલ આપેલ નથી કે તેના ઈન્કાર માટે કાયદા હેઠળ કોઈ અપવાદ જણાવેલ નથી. (૪)ઉપરોકત ચાર પ્લોટ પર ધમધમતા મીનરલ વોટર પ્લાન્ટમાં કયા કયા પ્લોટ નંબરવાળા પ્લોટમાં બોરીંગ છે તેની વિગત આપશો તથા બોરીંગ કરવા અંગેની આપના તરફથી લીધેલ પરમીશનની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદર સંસ્થાને આ અગાઉ ઝોન કચેરીના આરોગ્ય વિભાગ ધ્વારા સીલ કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે પરંતુ અરજદારને કયા પ્લોટમાં બોરીંગ છે અને બોરીંગ કરવા અંગેની પરમીશનની માહિતી આપેલ જણાતી નથી. (૫) આપના વિભાગના અધિકારી/કર્મચારીના ઉપરોકત પ્લાન્ટ પર નિરીક્ષણમાં પાણી ઠંડુ કરવા અંગેના કુલ વોટર પ્લાન્ટ નજરે પડેલ છે કે કેમ? જો નજેર પડયો હોય તો તે કેટલા કેટલા લીટરના કેપીસીટી વાળા પ્લાન્ટ હતા તેની વિગતની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી આપેલ જવાબમાં " ના " જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી મુદ્દા નં.૧ અને ૨ તથા ૩ ની વિગતો જણાવેલ છે પણ મુદ્દા નં.૨ તથા ૩ ની નકલો પૂરી પાડેલ જણાતી નથી. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ માં જણાવેલ વિગતો અરજદારને પુરી પાડવામાં આવેલ જણાતી નથી. પરંતુ અરજદારે અપીલ માત્ર મુદ્દા નં.૩,૪ તથા ૫ માટે જ કરેલ છે. બાકીના મુદ્દા અંગે તકરાર ઉત્પન કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૪ ની ફરીયાદ હકીકતમાં જણાવેલ માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તથા મુદ્દા નં. ૩ ની નકલોની જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી .....જાણ તથા અમલ માટે .

(૨)શ્રી રમેશ કે. જાંગીડ,